# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

સત્તાની મલાઇ પર જાણે માખીઓ બણબણે છે
ત્રાટકે ભૂખ્યાં કબૂતરો જેમ, જાણે ચણ, ચણે છે!
ચણે ધાર્મિક ટ્રસ્ટો, રમતો અને સ્વૈચ્છિક સંસ્થામાં -
નેતાઓ ધૂણે પદો પર અને કરોડોનું લણે છે..
(નેતાઓ રમતક્ષેત્રથી દૂર રહે - સુપ્રીમ)

## હાઇકુ

છે માત્ર બ્હાનાં,
ઇચ્છુક નથી કોઇ -
'બિલ'ગાંભીર્યે!
(મતોનું રાજકારણ)

ગજવ્યો દેશ,
સંતોને લાગી મેશ,
લજવ્યો વેશ!)
(બાપ-બેટાના પરાક્રમ)

## ચિંતન

*સદયં હૃદયં યસ્ય ભાષિતં સત્ય ભૂષિતં ।*
*કાયઃ પરહિતો યસ્ય કલિસ્તસ્ય કરોતિ કિમ ॥*

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ-સામાન્યનીતિ-નો આ શ્લોક છે :

'જેનું હૃદય દયાથી છલોછલ ભરેલું છે જે વાણી-બોલવું-સત્યથી સુશોભિત છે, અને જે પોતાના શરીર વડે-આચરણ-વર્તન-કર્મોથી સદાય પરહિત-સેવાનાં જ - પરોપકારનાં જ કાર્ય કરતા રહે છે એવા વ્યક્તિને 'કળિયુગ' શું કરી શકે? અર્થાત્ આવા સંત-સજ્જનો સદાય 'સતયુગ'માં જ જીવતા રહે છે.'

કળિયુગ માણસના આચાર-વિચારને બગાડે છે. બુદ્ધિ બહેર મારી જાય છે અને દુષ્કર્મો-કરવા સતત પ્રેરાય છે અનીતિની કમાણી, અન્યાય-અસત્ય તરફ જ તેનું લક્ષ્ય હોય છે આવા લોકો 'કલિયુગ'ના તાપ-સંતાપનો ભોગ બને છે.

પરંતુ કલિયુગમાં પણ જે સતયુગના માનવી જેવું શુદ્ધ-સદાચાર-પ્રામાણિક-નિષ્ઠાવાન-સત્ય-ન્યાયી જીવન જીવતા હોય એને કલિયુગી વાતાવરણની કોઇ અસર દેખાતી નથી 'આપ ભલા - જગ ભલા'નો વહેવાર એમની સાથે છે. 'દૃષ્ટિ તેવી સૃષ્ટિ'નો અહીં ન્યાય છે.

## સુવિચાર

- મહાવરામાંથી આત્મશ્રદ્ધા જન્મે છે... શ્રદ્ધાને પથ્થર જેવી મજબૂત બનાવો, અને તમારી ગહનતામાં વસેલા આત્માની સાચી મુક્તિ શોધી લો *- માનસ સૂત્ર*
- અભાવમાં અછતમાં મોટા થયેલા સંતાનોના સ્મૃતિ પટ પર મા એ કરેલી વેઠ, પરિવાર માટે આપેલા બલિદાનની વાત પથ્થર પર કોતરાયેલા અક્ષરોની જેમ કોતરાયેલી રહે છે *- લિંકન*
- આજના સમયની વાસ્તવિકતા છે કે છોકરી કે સ્ત્રીને કરાટે શીખવો પણ સાથે સાથે નાણાકીય વ્યવહારોની સમજણ, માણસોને ઓળખતા, ખુમારીથી એકલા જીવતા પણ શીખવવું પડશે *- ચંદ્રકાન્ત બક્ષી*
- માનવ જાતિના હોઠ પરનો સૌથી સુંદર શબ્દ છે 'મા' ...અને સૌથી સુંદર સાદ હોય તો તે છે... 'મારી મા' *- ખલીલ જીબ્રાન*
- સૂર્યનો તાપ એટલું નથી દઝાડયો-જેટલું તેનાથી ગરમ થયેલી રેતી દઝાડે છે- *જ્ઞાનસૂત્ર*
- જીવન છે ખેતી કર્મની, એમાં નાખો ધર્મનું ખાત, વળી સિંચો પાણી પ્રેમનું કરવા જીવન આબાદ *- એસ. ભટ્ટાચાર્ય*
- સંત એટલે 'જે કશું જ ન સંતાડે તે સંત' અર્થાત્ જેનું સંપૂર્ણ જીવન પારદર્શક હોય તે *- ફાધર વાલેસ*

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

સત્તા-સંપત્તિ માયા પછી ગમે તેવો સારો રાજા પણ લપસી પડે છે, સાદિક સારો રાજા હતો પણ તેની આસપાસના સચિવોએ એને 'લંપટ' બનાવી દીધો. વ્યસન અને વાસના જ એનો વહેવાર થઇ ગયો.

દુષ્કાળ પડયો - પણ સાદિક સૂતો રહ્યો અને પોતાની ઇચ્છા-સપનાં-વાસનાઓમાં જ વ્યસ્ત રહ્યો. લોકોએ બળવો કર્યો. રાજમુકુટ-મુદ્રા-રાજદંડ છીનવી લીધાં અને બળવાખોર નેતા નૂર મહમદને ગાદીએ બેસાડયો. દુષ્કાળનો સામનો કરવા નૂર લોકો સાથે જ શ્રમયજ્ઞ કરવા લાગ્યો. તળાવો-નહેરો ખોદાવા લાગ્યા કૂવા ઊંડા કરાવ્યા.

સાદિકે આ બધું જોયું પોતાની ભૂલ સમજાઇ અને એ પણ લોકો સાથે શ્રમયજ્ઞમાં જોડાયો. લોકોની માફી માગી. સમયસર વરસાદ થયો અને રાજય ફરી હર્યુંભર્યું થયું.

રાજા નૂરે ફરી રાજદંડ-રાજમુકુટ સાદિક ને આપવા દરબાર ભર્યો.

સાદિક કહે હવે હું તમારો રાજા નથી, તમે જ મારી આંખ ઉઘાડી. હું તમારી પ્રજા જ છું. નૂર ના નેતૃત્વમાં આપણે સમૂહમાં સંપથી રાજ કારભાર ચલાવશું.

Email - sureshchandrabhatt18@gmail.com

# બાળકોની સ્વ-રચનામાં એમનું હૃદય હોય છે, એમની ભવિષ્યની આકાંક્ષાઓ હોય છે, બાળકોની આ સહજ પ્રવૃત્તિ છે, આપણે એને પોષવી જોઈએ, રમતાં રમતાં શીખવું એ બાળકનો કુદરતી ગુણ છે

## શિક્ષણથી બાળમાનસનો વિકાસ

*- હર્ષદ પ્ર. શાહ*

બાળકને સાચા અર્થમાં ઉત્તમ મનુષ્ય બનાવવાનું અમોઘ કરણ છે શિક્ષણ. શિક્ષણ એવો રાજમાર્ગ છે જે મનુષ્યને સર્વ પ્રકારનાં અનિષ્ટો અને અનર્થોમાંથી મુક્તિ અપાવનાર વિદ્યાના દ્વાર સુધી લઇ જાય છે. શિક્ષણ એ કેવળ માહિતીનું માધ્યમ નથી, સંસ્કારની સાધના પણ છે. શિક્ષણ કંઇ Degree અપાવી દેવાની પ્રક્રિયા જ માત્ર નથી, એ Dignity બક્ષનાર સાધન પણ છે. શિક્ષણ મનુષ્યની કારકિર્દી ઘડનાર ક્રિયા જ નથી, એને સમાજાભિમુખ બનાવી સમગ્ર સૃષ્ટિનો સ્નેહી બનાવનાર પ્રક્રિયા પણ છે. આમ સમગ્રપણે જોઇએ તો શિક્ષણ એ જીવનવિદ્યા છે. શિક્ષણને ઊંચાઇ બક્ષે એવું એક સૂક્ષ પ્રસ્તુત કરૂં છું -

***માહિતી + સમજણ + વિવેક + કૌશલ્ય + સમર્પણ = શિક્ષણ.*** માહિતીમાં સમજણ ભળે... એ દ્વારા વિવેકપૂર્ણ વ્યવહાર સર્જાય. જીવનના વિવિધ તબક્કે કૌશલ્યો ખીલતાં જાય... અને આવી શક્તિઓ સમન્વિતરૂપે સમર્પિત થાય તો ધરતી પર નંદનવન સર્જાય.

સ્વામી વિવેકાનંદે કહ્યું છે, 'કેવળણી માત્રનો ઉદ્દેસ્ય મનુષ્યને ખરો મનુષ્ય બનાવવાનો જ હોઇ શકે. માનવને એના વિકાસને પંથે ચડાવવો એ જ કેળવણીનું અંતિમ લક્ષ્ય છે. જે શિક્ષણથી મનુષ્યની ઇચ્છાશક્તિનો પ્રવાહ સંમચિત અને ફળદાયી બને તેને જ સાચું શિક્ષણ કહેવાય.'

ઉપરોક્ત અવતરણમાં બહુ મહત્ત્વનો શબ્દ છે. 'ઇચ્છાશક્તિ'. માણસ ઇચ્છાઓનો ઢગલો છે. પ્રતિક્ષણ એના મનમાં અવનવી ઇચ્છાઓ જન્મે છે. ઇચ્છાઓ ધરાવતા અસંખ્ય મનુષ્યો મળશે, 'ઇચ્છાશક્તિ' ધરાવનારા કોઇ વિરલા જ મળશે. આ જગતમાં જે કંઇ સારૂં છે, ઇષ્ટ છે... એ બધું કોઇ ને કોઇ મહામાનવની ઇચ્છાશક્તિનું પરિણામ છે.

જગતને બદલવાની ક્ષમતા ધરાવતા શ્રેષ્ઠ માનવોનું નિર્માણ કરવાની જવાબદારી શિક્ષણની છે. મન વિચારોનું જન્મસ્થળ છે, ઇચ્છાઓનું ક્રીડાંગણ છે અને સંકલ્પ - વિકલ્પોનો મહાસાગર છે. મનની વિરાટ શક્તિને સમજવા પ્રેમચંદજીના કથનનો આધાર લઇએ -

"મનનો માનવી પર કાબૂ એટલે વિનાશ,
માનવીનો મન પર કાબૂ એટલે વિકાસ."

બાળકનું નાજુક મન નાનપણથી જ યોગ્ય રીતે વિકસે એ ખૂબ મહત્વનું છે. જગતભરના ચિંતકો, શિક્ષણશાસ્ત્રીઓ અને મનોવિજ્ઞાનીઓએ તથ્ય સ્વીકાર્યું છે કે બાળક છ વર્ષની ઉંમર સુધીમાં જીવનપર્યતના કુલ જ્ઞાનનું ૮૯% જ્ઞાન મેળવી લે છે. બાકીનું ૧૧% માહિતીરૂપી જ્ઞાન એ શેષ જીવનમાં મેળવતો રહે છે. ઋષિઓએ પણ કહ્યું છે કે ૧૦ વર્ષની ઉંમર સુધી બાળકનું ચિત્ત મહત્તમ ક્રિયાશીલ હોય છે. તેથી ૧૦ વર્ષ સુધીમાં બાળકનો ભાવાત્મક અને ચરિત્રાત્મક વિકાસ થાય એવા પ્રયત્નો પરિવારે કરવા જોઇએ. એ ઉંમરમાં મેળવેલા સંસ્કારો બાળકના જીવનનો આધાર અને એની ઓળખ બની જાય છે. આ પ્રારંભના ૧૦ વર્ષનો સમયગાળો હૃદયવિકાસનો એટલે કે સંસ્કાર પ્રક્રિયાનો હોય છે. અગિયારમા વર્ષથી બુદ્ધિવિકાસ શરૂ થાય છે. ત્યારબાદ સંસ્કાર પ્રક્રિયાની તીવ્રતા ઘટી જાય છે. બુદ્ધિનો પ્રભાવ ઘટે, ચિત્તનો પ્રભાવ ઘટે. પરિણામે મનુષ્ય બુદ્ધિનિષ્ટ બને છે અને તર્ક-વિતર્ક-કુતર્ક કરવાનું શરૂ કરે છે.

બાળકના વિકાસ સંબંધી કેટલાંક સૂત્રો યાદ રાખવા જેવાં છે -

→ ક્રિયા કર્મેન્દ્રિયનું લક્ષણ છે. → સંવેદના જ્ઞાનેન્દ્રિયનું લક્ષણ છે. → વિચાર મનનું લક્ષણ છે. → વિવેક બુદ્ધિનું લક્ષણ અને → સંસ્કાર ચિત્તનું લક્ષણ છે.

આ બધામાં સંસ્કાર અત્યધિક પ્રભાવી છે; જે રૂચિ, ભાવના, વિચાર અને વ્યવહાર એ બધાંને પ્રભાવિત કરે છે. માટે સંસ્કાર એ જીવનનું શ્રેષ્ઠ આભૂષણ છે. શિક્ષણ અને સંસ્કાર એક સિક્કાની બે બાજુ જેવા છે. તેથી શિક્ષણ પણ બાલમાનસ પર અસર કરનારૂં અત્યંત મહત્ત્વનું પરિબળ છે.

પણ, બાળમાનસને કળવું બહુ કઠન છે. એનું ભાવવિશ્વ અતિ વિશાળ - અસીમ હોય છે. એના અગાધ ઊંડાણે પહોંચવા બળ કે છળની નહીં, કળની જરૂર પડે છે. યુક્તિ-પ્રયુક્તિઓ (Skill) ની નહીં, ભાવોર્મિની આવશ્યકતા છે. બાળકની અતિ સંવેદનશીલ લાગણીઓનો સ્પર્શ કોઇ ભૌતિક વસ્તુઓથી નહીં, અંતરની ઊર્મિઓથી જ શક્ય છે. માટે એવું કહેવામાં જરાય અતિશયોક્તિ નથી કે માબાપ થવું બહું અઘરૂં છે. બાળકને જન્મ આપી દેવાનો સરળ છે, અને સાચા અર્થમાં જીવન આપવું અઘરૂં છે. માટે કોઇ પણ યુગની આવશ્યકતા એ છે કે માબાપનું ખુબ પ્રશિક્ષણ કરવું, માતા-પિતાની પાઠશાળા ચલાવવી. તેથી એક ચિંતકની વેધક યુક્તિનું સ્મરણ કરીએ કે બાળક એ મનુષ્યનો પિતા છે. તો હવે, આ લેખના એક એવા તબક્કામાં પ્રવેશીએ કે જે માતા-પિતા-પરિવાર-શિક્ષક સૌ કોઇએ આવશ્યક એવી દિશા સૂચવે. અષ્ટસૂત્રી બાલોપનિષદ સાથે હવે અનુસંધાન સ્થાપીએ...

(૧) બાળકોનો આદર કરો... એ બધાને આદર આપશે.

(૨) આપના નિરપેક્ષ સ્નેહ દ્વારા બાળકનું સંરક્ષણ અને સંવર્ધન કરો... બાળક પણ સેવાભાવી બનશે. માતા-પિતાને વૃદ્ધાશ્રમ નહીં દેખાડે.

(૩) બાળકોની સારી વાતોને બિરદાવે... એ હકારાત્મક વલણ ધરાવતો મનુષ્ય થશે, ગુણગ્રાહી થશે.

(૪) બાળકોમાં જિજ્ઞાસાવૃત્તિ વિકસાવો, વિસ્મયનું સર્જન પણ કરો અને નિવારણ પણ કરો. બાળકના મનમાં અસંખ્ય પ્રશ્નો અને ઉદ્‌ગારો ઉદ્‌ભવે છે. એના પ્રશ્નોને ક્યારેય તુચ્છ ન સમજો. એના પ્રશ્નોની ઉપેક્ષા ન કરો. આવું કરવાથી જીવનના અનેક કૂટપ્રશ્નોનું સમાધન મળી જશે. બાળક સાથે બાળક સાથે સંવાદનો સેતુ રચાશે. એ તમારો મિત્ર બની જશે અને આ કંઇ નાનસૂની કે જેવીતેવી વાત નથી!

(૫) બાળકના સર્વતોમુખી વિકાસની દિશાઓ ખોલો... એ એકાંગી કે સ્વાર્થી નહીં બને. એ પૂર્ણ વિકસિત પુષ્પની જેમ ખીલશે. એની સુરભિ ચોમેર પ્રસરશે. પોતે અર્જિત કરેલી ક્ષમતાઓ એ હોંશે હોંશે સમાજને અર્પણ કરશે.

(૬) બાળકમાં અનુશાસન, સ્નેહ અને વિવેકનો ત્રિવેણીસંગમ રચો... એ સ્વચ્છંદી, નિર્દયી અને વિવેકશૂન્ય નહીં બને. મનુષ્યને શ્રેષ્ઠત્વ પ્રદાન કરનારાં આ લક્ષણો છે. આવા ગુણો એનામાં સહજપણે પ્રગટે એવો વ્યવહાર મોટા લોકોએ... પરિવારજનોએ કરવો જોઇએ, કારણ કે બાળકને ઉપદેશ નહીં ઉદાહરણ જોઇએ. વિચાર નહીં આચારનો આધાર જોઇએ.

(૭) બાળકને તમારો 'અ'મૂલ્ય એવો મહામૂલો સમય આપો.

એ સંપત્તિ નહીં, તમારો સહવાસ ઝંખે છે. એ પૈસા નહીં, તમારો પ્રેમ ઝંખે છે. તમે પ્રેમથી એને સંતૃપ્ત કરો, એ તમને જીવનભર પરિતૃપ્ત કરશે.

(૮) શિક્ષણ દ્વારા વિનોદ અને વિનોદ દ્વારા શિક્ષણ કરો. બાળકને ભાર લાગે તેવી ભારેખમ નિરર્થક વાતો ન કરો. એને સમજાય એવી, ગમે તેવી અને આનંદવર્ધક વાતો કરો. આમ કરવાથી એની ગ્રહણશીલતા સોળે કળાએ ખીલશે. બાળકને ખબર પણ ન પડે અને આવડી જાય એનું નામ શિક્ષણ.

બાળમનને, બાળવિશ્વને સમજવામાં દીવાદાંડી જેવી કેટલીક વાતો માણીએ...

***કરસનદાસ લુહાર કહે છે,***

"જયારે બાળકને માતા-પિતાનો અને શિક્ષણનો સાચો પ્રેમ મળતો નથી, ત્યારે જ અશિસ્તના પ્રશ્નો ઊભા થાય છે."

***ઉમાશંકર જોશી કહે છે,***

"બધી જ ઇમારતો પડી જાય પછી જે બચે તે યુનિવર્સિટી!"

બાળકનો વિદ્યા કરતાં પ્રથમ અધિકાર વાત્સલ્ય-પ્રાપ્તિનો છે, કારણ કે તે પૃથ્વી પરનો એક વિકસતો મનુષ્ય છે. શિક્ષા, ભય અને ન્યાયની કઠોરતાં કરતાં પ્રેમ, કરૂણા અને ઉદારતાના વાતાવરણમાં બાળક ઝડપથી શીખે છે.

બાળકના પ્રત્યેક કાર્યમાં હૃદયથી સ્ફૂરણા હોય છે,
મોટેરાના પ્રત્યેક કાર્યમાં મગજનું કામ હોય છે.

આ તફાવત જ બાળક અને મોટા વચ્ચે ઘર્ષણનો મુદ્દો બને છે. બાળકોની સ્વ-રચનામાં એમનું હૃદય હોય છે, એમની ભવિષ્યની આકાંક્ષાઓ હોય છે. બાળકોની આ સહજ પ્રવૃતિ છે. આપણે એને પોષવી જોઇએ. રમતાં રમતાં શીખવું એ બાળકનો કુદરતી ગુણ છે.

બાળકો માટે શાળા 'ઘર' બનવી જોઇએ. અને ઘર 'શાળા' બનવું જોઇએ. બંને શીખવાનાં સર્જનસ્થાનો છે. લેખનાં અંતમાં આપણે આપણને થોડા પ્રશ્નો પૂછીએ -

શિક્ષણનું લક્ષ્ય વ્યક્તિ કે રાષ્ટ્ર? શિક્ષણનું કરણ ભૌતિક કે આધિભૌતિક? શિક્ષણનું પરિણામ માપવાનું સાધન પરીક્ષા કે આચરણ? શિક્ષણની ઉપલબ્ધિ માનવ કે દાનવ? શિક્ષણનું સાધ્ય સંસ્કૃતિ કે વિકૃતિ? શિક્ષણની સીમા પાઠ્યપુસ્તક કે જીવનનો વ્યાપક અનુભવ?

આપણા જવાબ ઉપર બાળકના વિકાસનો અને સમાજના પુનરૂત્થાનનો આધાર છે...

# કાશ્મીર અંગે બંધારણની કલમ-૩૭૦ની જોગવાઈ અંગે સમજૂતી

## વાત કાનૂન કાયદાની...

*- અશ્વિન વી. ત્રિવેદી*

બહુચર્ચિત બંધારણની કલમ-૩૭૦ ભારત આઝાદ થયો ત્યારથી અત્યાર સુધઈમાં રાષ્ટ્રીય એકતા માટે ઘાતક પુરવાર થઇ છે. આ કલમથી કાશ્મીરને અલગ દરજ્જો આપેલ જે વિચારના કારણે કાશ્મીરથી કન્યાકુમારીના અખંડ ભારતના સરદાર સાહેબના વિચારને રાજકીય તથા સામાજીક રીતે ઘાતકી પુરવાર થઇ છે. ૧૯૫૬ના ફેબ્રુઆરી માસમાં જમ્મુ અને કાશ્મીરની બંધારણ સભાએ ભારત સાથેના વિલિનીકરણને વિધિવત બહારી આપી તે સાથે કાશ્મીરનો ભારત સાથેના જોડાણનો આખરી નિર્ણય લેવાયો તે સમયે સાશણ તથા સંદેશા વ્યવહાર સિવાયના કેન્દ્રનાં સંયુક્ય યાદીના વિષયો અનિર્ણિત અને વણઉકેલ્યા છોડી દેવામાં આવેલ કાશ્મીરમાં અલગ રાષ્ટ્રધ્વજ ચિહ્ન આપવામાં આવ્યું આજે પણ કાશ્મીરમાં સરકારી ઇમારતમાં ભારતના રાષ્ટ્રધ્વજની સાથે કાશ્મીરના અલગ ચિન્હ વાળો રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવે છે.

કાશ્મીર બાકીના ભારતથી રાજકીય અને ભાવાત્મક રીતે જુદુ પડે છે. તેના મૂળમાં બંધારણની કલમ-૩૭૦ છે. કાશ્મીરમાં બહારના નાગરીકને રોકાણ પોતાના નામે કરવામાં પરવાનગી આપવામાં આવતી નથી. પાકિસ્તાની નાગરીક કાશ્મીરથી કન્યા સાથે લગ્ન કરે તો તેને ભારતની નાગરીકતા આપોઆપ જ મળી જાય છે. જેથી જમ્મુ કાશ્મીરના નાગરીકો બેવડું નાગરીકત્વ ધરાવે છે. સંપત્તિનાં અધિકાર નાગરીકત્વના અધિકાર તેમજ રાજયમાં વસવાટના અધિકાર અંગે અનેક રીતે સમસ્યા આ કલમથી સર્જાઇ છે. ભારતના બાકીના નાગરીકોને જમ્મુ કાશ્મીરના નાગરીકો બાકીના ભારતના નાગરીક બની જતા નથી. ત્યાંના નાગરીકોને બહારના લોકો બેવડા નાગરીકત્વનો લાભ મળે છે. મિલકતો ખરીદી શકતા નથી. તેમજ રાજય વિધાનસભા પંચાયત અથવા સ્થાનિક સ્વરાજયની ચુંટણીમાં મતાધિકારનો અધિકાર નથી.

જમ્મુ કાશ્મીરની મહિલાઓ જો રાજય બહારના નાગરીકને પરણે તો તેનો મિલકતનો અધિકાર ગુમાવે છે. તેમજ વડિલોપાર્જિત વારસાઇ હક્કથી વંચિત રહેવું પડે છે. કાયદા અને બંધારણની દૃષ્ટિએ જુનવાણી છે.

કલમ-૩૭૦ અંગેના આજદિન સુધીના પ્રશ્નો અનુસાર રહયા છે. કોઇ રાજકીય તેના આમાં બંધારણીય સુધારો કરવાની પહેલ કરી શકતો નથી કે રાજકીય પક્ષ આ પ્રશ્ન ઉકેલી શકતો નથી. બંધારણીય વિકૃત સર્જવામાં અવ્વલ એવી કલમ-૩૭૦ ના દુરપયોગને આજદિન સુખી કોઇ જ ઉકેલી શકેલ નથી. જેથી જમ્મુ કાશ્મીર અન્ય રાજયની સરખામણીમાં વિકાસથી વંચિત છે. ભારતના નાણાંથી જ કાશ્મીરમાં મીની પાકિસ્તાનની રચના થઇ જવા પામેલ છે. કાશ્મીરના વિધાયક રાજકારણીઓને ભારતનાં બંધારણ સાથે નિસ્બત નથી. ઉલ્ટાનું કાશ્મીર રાજયને સ્થાપના આપનારી કલમ-૩૭૦ ની તરફેણ આજદિન સુધી ત્યાનાં સાશકોએ કરેલ છે. અને કોમવાદી કટ્ટરપંથીઓને શરણાગતિ આપતા આવેલ છે. ૧૯૫૦ માં કાશ્મીરની પરિસ્થિતિ અલગ હતી અને રાજકીય રીતે અલગ પરિસ્થિતિનું નિર્માણ થયું હોય ભારતની અખંડતાનો પ્રશ્ન ઉદ્‌ભવતો હોય સલામતીનો વિકાસનો તથા સુરક્ષાનો પ્રશ્ન આજે અલગ હોય ૩૭૦ દૂર કરવા જનમત લેવો આવશ્યક છે.

બંધારણની કલમ-૩૭૦ની અસ્તિત્વની તાર્કિકતા અને મહત્ત્વતા આજે શું છે? કાશ્મીરમાં એવું શું છે કે જે બીજા રાજયો પાસે નથી? કાશ્મીર ભારતનું એકમાત્ર મુસ્લિમ રાજય છે કાશ્મીરી પંડિતોના માઇગ્રેશન બાદ હિન્દુઓનું અસ્તિત્વ મુઠ્ઠીભર છે દ્વી-રાજય પદ્ધતિના કારણે બેવડા ધોરણો લાગુ પડતા હોય વિકાસથી વંચિત રહેવા પામેલ છે. ૩૭૦ની કલમ રાજકીય લોલુપતા ધરાવતા મતલબી લોકોની પોષણશાળા છે. અલગ રાજય સ્થાપી આપ ખુદીથી રાજય ભોગવવાની સત્તા લાલસા પોષણાની એકમાત્ર માયાજાળ છે. મુખ્ય પ્રધાનને બદલે વડાપ્રધાન અથવા રાજયપાલને બદલે સાદર-એ-રિયાત કહેવડાવી સભાની આપખુદશાહી ભોગવી આમ નાગરીકો, ગરીબોનું શોષણ કરવા માત્ર જ ઉદ્દેશ છે.

આઝાદીના ૬૦ વર્ષ ઉપરાંતથી ત્યાંની પ્રજા દોઝખમાં ધકેલાઇ રહી છે અને કાશ્મીર બાકીના ભારતથી હૃદય તથા મનના સીમાડાઓથી દૂર સરહદી સીમાડાઓમાં વહેચાતું જાય છે ત્યાંની પ્રજાનું મન ભારતમાં અને તન શત્રુ દેશમાં રહ્યું હોય તેવો વારંવાર અહેસાસ થતો રહે છે. ત્રાસવાદની ફેલાવવાની પ્રવૃત્તિના કેન્દ્ર સમુદ રાજય માત્ર મુઠ્ઠીભર લોકોની સત્તા લાલસાના કારણે સમગ્ર ભારત તેની સજા ભોગવી રહ્યું છે. ભારતનું સુંદર, કુદરતી ધન સંપત્તિનો વિપુલ ભંડાર તથા પૃથ્વી પરનું એક સમયનું સ્વર્ગ હાલમાં જીવતા દોઝક નરક જેવી યાતનાઓ ત્યાનાં નાગરિકો ભોગવી રહ્યા છે. જેને ઉકેલવાનો રાજકીય નેતાઓને રસ નથી. ભાગલા પાડો અને રાજ કરોની વૃત્તિમાં રહેતા રાજનેતાઓની દેન છે કે ૬૦ વર્ષ બાદ પણ કાશ્મીર ભારતથી અલગ રાજય ગણાય છે. બંધારણીય વિકૃતિ સર્જવામાં નડતરરૂપ એવી બંધારણીય કલમ-૩૭૦ ને રદ કરવા અન્ના હઝારે જેવા સામાજિક લોક નાયકે નેતૃત્વ લેવાનો સમય પાકી ગયો છે.

# વિશ્વના સહુથી ચાલાક કે હોંશિયાર પ્રાણીઓને તેમની હોંશિયારી પ્રમાણે ક્રમમાં મુકવાના હોય તો પ્રથમ દસ પ્રાણીઓમાં સહુપ્રથમ ચિમ્પાન્ઝી, ત્યારબાદ ડોલ્ફીન, હાથી, સીફાલોપોડસ્, કાગડા, ઘેટા, પોપટ, કૂતરા વગેરેનો સમાવેશ થાય છે

## વન્યસૃષ્ટિ પરિચય

### જીવસૃષ્ટિના કેટલાક રહસ્યો

*- હેમંત સુથાર*

આપણી આસપાસની જીવસૃષ્ટિ વિષયક આપણી જાણકારી કેટલી ઓછી છે. તે જાણીએ છીએ ત્યારે આપણને આશ્ચર્યની સાથે સાથે આવા જીવો પ્રત્યે આપણએ કેમ ચિંતિત નથી? તેવો વિચાર પણ આવે છે.

આપણી સહુની નજીકમાં રહેતી, હરતી-ફરતી બિલાડી જે કંઇ ખાવાનું ખાય છે તેનો સ્વાદ ગળ્યો, તીખો, તૂરો, ખાટો, ખારો કે કડવો શું તેને ખબર છે? આવા પ્રશ્નોનો ઉત્તર મળવો અઘરો છે. પરંતુ એવું જાણી શકાતું છે કે બિલાડી ગળ્યો સ્વાદ પારખી શકતી નથી. તેની જીભ પણ ગણપળ પારખવાની સ્વાદગ્રંથિ હોતી નથી.

આપણી નજીકમાં રહેતું બીજું એક પ્રાણી છે કૂતરો. કૂતરાના મોઢાના આગળના ભાગની છાપ જુદા જુદા કૂતરામાં જુદી જુદી હોય છે. જેવી રીતે માણસોમાં તેમના અંગૂઠાની છાપ - ફિંગર પ્રિન્ટ સરખી ન હોવાથી પ્રત્યેક વ્યક્તિને ફિંગર પ્રિન્ટની મદદથી અલગ ઓળખી શકાય છે તે રીતે જુદા જુદા કૂતરાઓને તેમના નાક પરની છાપને આધારે ઓળખી શકાય છે. આ પ્રમાણે ગાયોને પણ તેમના મોઢાની છાપની મદદથી ઓળખી શકાય છે. આજકાલ બાયોમેટ્રીક્સ્ પદ્ધતિથી માણસોની ઓળખ પ્રસ્થાપિત થાય છે. તે જ રીતે હવે ગાય-કૂતરાઓને પણ ઓળખ મળી શકે છે.



ગાયની જ વાત કરીએ તો એક ગાય એક દિવસમાં ૪૦૦ લીટર જેટલો મિથેન ગેસ છોડે છે. આજ કારણથી ભારતમાં પશુધનની સંખ્યા વિશ્વના અન્ય દેશો કરતાં વધુ માત્રામાં હોઇ ઘણાં દેશો ગ્લોબલ વોર્મિંગ માટે ભારત દેશના પશુધનની વધુ વસ્તીને પણ એક મુખ્ય કારણ ગણે છે. આપણે જાણીએ છીએ તે મુજબ ગ્લોબલ વોર્મિંગ માટેના જવાબદાર ગ્રીનહાઉસ ગેસીસ - હરિત વાયુઓમાં કાર્બન ગેસને મુખ્ય જવાબદાર ગણવામાં આવે છે. તેની સરખામણીમાં મિથેન ગેસની ઓછી માત્રા પણ ગ્લોબલ વોર્મિંગ માટે વધુ હાનિકારક મનાય છે.

આપણે માણસોમાં એક મિનિટમાં આરામની સ્થિતિમાં ૬૦ થી ૧૦૦ ધબકારા થતાં હોય છે. ત્યારે શેળો - હેડહોગ્સૂ નામના નાના કદનું કિટકાહારી સસ્તન પ્રાણીના હૃદયના ધબકારા પ્રતિ મિનિટે ૪૦૦ જેટલા હોય છે. જે આપણા કરતાં ૪ થી ૫ ગણા થાય છે. આજ પક્ષીઓ ઉડતાં હોય ત્યારે તેમના હૃદયના ધબકાર પ્રતિ મિનિટે ૧૦૦૦ જેટલા થઇ જાય છે. આપણું પ્રિય પ્રાણી રીંછ સામાન્ય સ્થિતિમાં એક મિનિટમાં ૪૦ હૃદયના ધબકારા કરતું હોય છે. પરંતુ તે જયારે શિત સમાધિ - હાઇબરનેશનમાં જાય છે ત્યારે આજ હૃદય પ્રતિ મિનિટે ફક્ત ૮ (આઠ) વાર જ ધબકે છે. દેડકાઓમાં પણ તે જયારે સમાધિ અવસ્થામાં જાય ત્યારે તેમના હૃદયના ધબકારા ઘટી જાય છે. આ રીતે સમાધિમાં જતાં જીવો તેમના શરીરની ઉર્જાની બચત કરે છે અને ખાધા-પીધા વગર લાંબો સમય ટકી રહે છે. શીત-સમાધિકાળ દરમિયાન દેડકા ચામડીથી શ્વાસ લે છે.

હાથી જેવું વજનદાર પ્રાણી કુદી શકતું નથી. જયારે ખિસકોલી ભલે નાના કદની લાગતી હોય પરંતુ તે ૨૦ ફૂટ જેટલો લાંબો કુદકો મારી શકે છે અને આ કાર્ય માટે તેને તેના પાછળના લાંબા પગ મદદરૂપ બને છે. આવું જ દેડકા અને તીતીઘોડામાં જોવા મળે છે આ જીવોના પણ પાછળના પગ પ્રમાણમાં લાંબા હોય છે અને તેની મદદથી તેઓ જરૂર જણાયે ખુબ જ લાંબા કૂદકા મારી શકે છે.

આખા શરીરે કાંટાવાળી ચામડી ધરાવતી શાહુડી ભલે જમીન પર રહેતી હોય પરંતુ તે પાણીમાં સારી રીતે તરી શકે છે. આપણું રાષ્ટ્રીય પ્રાણી વાઘ પણ સારા તરવૈયા પ્રાણીઓ પૈકીમાં એક ગણાય છે. વાઘ એક જ સમયે સળંગ ૫ કિલોમીટરથી વધુ અંતર પાણીમાં તરીને કાપી શકે છે.

વિશ્વના સહુથી ચાલાક કે હોંશિયાર પ્રાણીઓને તેમની હોંશિયારી પ્રમાણે ક્રમમાં મુકવાના હોય તો પ્રથમ ૧૦ (દસ) પ્રાણીઓમાં સહુપ્રથમ ચિમ્પાન્ઝી, ત્યારબાદ ડોલ્ફીન, હાથી, સીફાલોપોડસ્, કાગડા, ઘેટા, પોપટ, કૂતરા વગેરેનો સમાવેશ થાય છે. આમાં સીફાલો પોડસૂએ મૃદુકાય વર્ગના સ્કવીડ્, એકટોપશ અને કટલફીશ જેવા પ્રાણીઓનો સમાવેશ થાય છે. ઓકટોપસ બાબતે આપણે અગાઉ વિગતે જાણકારી આપેલ હતી. તેમાં વિશ્વ ફુટબોલ કપમાં કઇ ટીમ વિજેતા બનશે તેની આગાહી કરતાં પોલ નામના ઓકટોપસ વિશે માહિતી આપેલ હતી. ત્યારબાદ એક હાથી દ્વારા પણ આવી આગાહીઓ કરાવ્યાનું પ્રસિદ્ધ થયું હતું.

આપણા સિવાયના અન્ય પ્રાણીઓની આ પ્રકારની વિશિષ્ટતાઓ તેમના મહત્ત્વને પ્રસ્થાપિત કરે છે અને સાથે સાથે તેમને પણ આ પૃથ્વી પર જીવવાનો સમાન અધિકાર છે તે આપણે સમજીએ તેથી વિશેષ તે માટે શક્ય તે પ્રયત્નો કરીએ.